હની બી નેટવર્ક

# શોધયાત્રા-૪૨

**નીલપર (તા. રાપર, જિ. કચ્છ) થી દૂધઈ (તા. અંજાર, જિ. કચ્છ)**

**તારીખ : ૧૯-૦૮-૨૦૧૮ થી ૨૫-૦૮-૨૦૧૮ સુધી**

સૃષ્ટિ

## શોધયાત્રી માટેની માર્ગદર્શિકા

**આ માર્ગદર્શિકા વાંચી-સમજીને આ સાથે આપેલ નોંધણીપત્રકમાં સહી કરી સૃષ્ટિ સંસ્થામાં જમા કરાવવું.**

૧. **ઓળખપત્ર:** શોધયાત્રામાં જોડાનાર તમામ વ્યક્તિએ પોતાનું ઓળખપત્ર સાથે રાખવું. જેમ કે, મતદાર ઓળખપત્ર, ડ્રાઇવિંગ લાઇસન્સ, પાસપોર્ટ વગેરે પૈકી કોઇ એક, રેલ્વે ટિકીટમાં સિનીયર સિટીઝન્સનો લાભ મેળવતા યાત્રીઓ અથવા તત્કાલ ટિકીટ લીધી હોય તેઓ માટે પણ ઓળખપત્ર જરૂરી હોય છે.

શોધયાત્રામાં જોડાવવા માટે ઇચ્છુક વ્યક્તિએ તેમનું રજીસ્ટ્રેશન ફોર્મ **તા. ૩૦ જુલાઈ, ૨૦૧૮** સુધીમાં સૃષ્ટિમાં જમા કરાવવું જેમાંથી પસંદગી પામનાર વ્યક્તિને ફોન/ઇમેલથી રજીસ્ટ્રેશન ફી ભરવા માટે જાણ કરવામાં આવશે. સંસ્થા દ્વારા જણાવેલ તારીખ સુધીમાં શોધયાત્રાની રજીસ્ટ્રેશન ફી જમા કરાવી તેની પહોંચ લઈ લેવાની રહેશે. આમ કરવામાં નિષ્ફળ જનારનું રજીસ્ટ્રેશન આપોઆપ રદ થઈ જશે.

૩. **હવામાન:** ગરમી અને ભેજવાળુ હવામાન રહેશે. વરસાદ પડવાની શક્યતા છે, આથી હલકા વજનવાળા રેઈનકોટ, છત્રી સાથે લેવા આવશ્યક છે.

૪. **પાથરણું:** દરેક યાત્રીએ પોતાની જરૂરિયાત મુજબનું પાથરણું સાથે લઇને આવવું. સામાન વહન કરવા માટે ટ્રોલી સાથેનું ટ્રેક્ટર યાત્રામાં સાથે હશે. ટ્રેક્ટર ટ્રોલીમાં સામાન યાત્રીએ જાતે જ ચડાવવા-ઉતારવાનો હોય છે. કપડા માત્ર ત્રણ-ચાર જોડ જ લેવા. ટુંકમાં સામાન બને તેમ ઓછામાં ઓછો લાવવો જેથી વહન કરવામાં સરળતા રહે. એવું બને કે ક્યારેક સામાન ઉંચકીને પણ ચાલવુ પડે તો તમે ચાલી શકો તેની તૈયારી રાખવાની રહેશે.

૫. **પ્રાથમિક જરૂરિયાતો:** ટુવાલ, ટૂથબ્રશ, સાબુ, ત્રણ-ચાર જોડ પહેરવાનાં કપડાં, આ ઉપરાંત ઓછા વજનવાળી થાળી, વાટકી, ચમચી, પ્યાલો અવશ્ય સાથે લાવશો. જમવા માટે અહીં પડીયા, પતરાળા કે પેપરની થાળી આપવામાં આવશે નહીં. નોટ, પેન અને જો તમારી પાસે કેમેરો હોય તો સાથે લેશો. **ટૉર્ચ (બેટરી),** માચીસ, મીણબત્તી, કપડાં સૂકવવાની દોરી, આ ઉપરાંત તમારી જરૂરિયાત મુજબની પ્રાથમિક દવાઓ, પૌષ્ટિક નાસ્તો (ખજૂર, ગોળ, ચણા, ચિક્કી વગેરે) સાથે લાવશો. બેગ બને ત્યાં સુધી ખૂબ ઓછા વજનવાળી છતા ટકાઉ હોય તે ઇચ્છનીય છે. સામાન વહન કરતા ટ્રક કે ટ્રેક્ટરમાં તમારી બેગ દબાણમાં પણ આવી શકે છે. કિંમતી અને નાજુક સામાન સાથે ન લાવવા અનુરોધ છે.

૬. **પદયાત્રા:** યાત્રામાં રોજનું સરેરાશ ૧૮થી ૨૦ કિલોમીટર ચાલવાની તૈયારી રાખવી પડશે. **શોધયાત્રીઓ સામાન વહન કરતા વાહનમાં બેસી શકશે નહિ. ચાલવું ફરજિયાત છે.** એવું બને કે ક્યારેક રાત્રે પણ ચાલીને રાત્રિ નિવાસ સ્થળ સુધી જવુ પડે. ચાલતી વખતે કોઇપણ પ્રકારની વાહનની સુવિધા મળવાપાત્ર નથી, તેથી શારીરિક રીતે સક્ષમ ના હોય તેવા યાત્રીઓને ન જોડાવવા આગ્રહભરી વિનંતી છે.

ચાલતી વખતે જેમને ઓળખો છે અથવા જેમની સાથે આવ્યા છો તેમની સાથે ચાલવાનું નથી. નવા મિત્રો બનાવવા અને ચાલતાં-ચાલતાં સંવાદના માધ્યમથી શીખવાનો આનંદ ઉઠાવીશું. યાત્રા દરમ્યાન ચોકલેટ, વેફર, બિસ્કીટ જેવા પદાર્થો ખાઇને તેના રેપર કે પેકેટ રસ્તામાં કે જંગલમાં ક્યાંય ફેંકવાના નથી. જ્યાં ભોજન કે નિવાસ કરીએ ત્યાં પણ સંપૂર્ણ સ્વચ્છતા જાળવીશું. સૂર્યાસ્ત પછી જ્યારે પણ ચાલવાનું થાય ત્યારે સમૂહમાં જ ચાલવાનો આગ્રહ રાખીશું. સૌથી આગળ કે પાછળ ચાલવામાં રસ્તો ભૂલી જવાનું જોખમ રહેતું હોય છે. ચાલતી વખતે તમારા બગલ થેલામાં ગ્રામજનોને વહેંચવા માટે જરૂરી સાહિત્ય આયોજક તરફથી અપાય તે સાથે રાખવું ફરજિયાત છે. અવનવી વનસ્પતિઓ, બીજ, કંદ, ડાળી, ફળ, ફૂલ અને છાલ તોડતા કે લેતા પહેલા સ્થાનિક ખેડૂત/સમુદાય કે આયોજકની પરવાનગી પછી જ લેવું. જે છોડ ઔષધિની સંખ્યા ઓછી હોય તે ન જ લેવું. ક્યાંય પણ શોધયાત્રીઓ થકી જૈવિક વિવિધતાને નુકસાન થાય તેવી કોઇ પ્રવૃત્તિ કરવાની નથી. જો કોઇ શોધયાત્રી પ્રકૃતિને નુકસાન થાય તેવી પ્રવૃતિ કરતો જણાશે તો આવા યાત્રીને શોધયાત્રા દરમ્યાન અધવચ્ચેથી પાછા મોકલી દેવામાં આવશે. ચાલતી વખતે શોધયાત્રાનો કાર્યક્રમ, અગત્યના ફોન નંબરો, સ્થાનિક આયોજકોના ફોન નંબરો ખીસ્સા ડાયરીમાં હાથવગા રાખવા, જેથી સમૂહથી છૂટા પડી જવાના સંજોગોમાં મદદરૂપ થઇ શકે છે.

૭. **સાદગીપૂર્ણ ભોજન:** સવારનો ચા-નાસ્તો અને બે ટાઇમ જમવાની સાદી વ્યવસ્થા માત્ર શોધયાત્રાના દિવસો દરમિયાન જે તે ગામોમાં સ્થાનિક ભાઈ-બહેનો દ્વારા કરાવવામાં આવી છે અને આશા છે સમયસર પૂરતું સાદું ભોજન મળશે. કોઈ કારણસર કોઈ જગ્યાએ જાતે રસોઈ કરીને પણ ખાવાની અથવા જે મળે તે પ્રમાણે ચલાવી લેવાની તૈયારી આપણે સહુ રાખીશું. શોધયાત્રી પોતાની સાથે સૂકો નાસ્તો લાવશે તે ઉપયોગી થઇ પડશે. ટ્રેનમાં આવતા અને જતા દરેક વ્યક્તિએ સ્વખર્ચે જમવાનું છે.

૮. **નોંધણી ફી/સહયોગ રાશિ:** શોધયાત્રા દરમ્યાન ભોજન, સામાન વહન કરવા માટે ટ્રક/ટ્રેક્ટર, જીપ, જનરેટર, નિવાસ અને યાત્રા અગાઉનાં વ્યવસ્થા ખર્ચ પેટે શોધયાત્રીઓએ નીચે મુજબની સહયોગ રાશિ જમા કરાવવાની રહેશે. આ રાશિ એ સમગ્ર યાત્રા દરમિયાનની છે. પસંદગી પામનાર વ્યક્તિને સહયોગ રાશિ જમા કરવાની તારીખ જણાવવમાં આવશે. રાશિ જમાં કરાવ્યા બાદ રજીસ્ટ્રેશન રદ કરનારને રજીસ્ટ્રેશનના નાણાં પરત મળશે નહી.

(૧) **નાના ખેડૂતો (જેઓ જાતે ખેતી કરે છે), માલધારીઓ, કારીગરો, ગ્રામીણ સંશોધકોઃ** **રૂ. ૩૦૦૦/-**

(૨) **પ્રોફેશનલ કોર્સમાં ભણતા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વેપારીઓ, પેન્શનધારકો અને નોકરીયાતોઃ** **રૂ. ૫૦૦૦/-**

(૩) **એન.આર.આઇ અને વિદેશી નાગરીકો માટેઃ** **રૂ. ૧૦૦૦૦/-**

અધવચ્ચેથી યાત્રા છોડનારને નાણાં પરત મળશે નહિ તેવી જ રીતે એક કે બે દિવસ માટે આવનારે પણ નોંધણી ફીની પૂરેપૂરી રકમ જમા કરાવવી પડશે. આ રાશિ સંસ્થા દ્વારા જણાવેલ તારીખ સુધીમાં ભરવાની રહેશે.

૯. **સ્વખર્ચે પ્રવાસ:** રેલ્વે સ્ટેશન/હવાઈમથક/બસસ્ટેશનથી શોધયાત્રાના પ્રારંભ સ્થળ સુધી તથા શોધયાત્રાની પૂર્ણાહૂતિથી રેલ્વે સ્ટેશન/હવાઈમથક/બસસ્ટેશન સુધી પહોંચવા માટે સામૂહિક વ્યવસ્થા જો સૃષ્ટિ તરફથી કરવામાં આવે તો જે કંઈ વાહન ખર્ચ થશે તે જે તે યાત્રીઓએ ભાગે પડતો ભોગવવાનો રહેશે. કોઈ કારણસર શોધયાત્રાના દિવસો સિવાય હોટલ કે ધર્મશાળામાં રોકાવું પડે તો તેનો તમામ

ખર્ચ શોધયાત્રીએ જ ભોગવવાનો રહેશે. શોધયાત્રામાં આવવા કે જવા માટેની ટીકીટની વ્યવસ્થા સૃષ્ટિ તરફથી કરવામાં આવતી નથી.

૧૦. **જોખમઃ** શોધયાત્રામાં દરેક યાત્રીએ સ્વખર્ચે અને સ્વજોખમે જોડાવવાનું છે. યાત્રા અગાઉ સમગ્ર રૂટ ઉપર આયોજકશ્રી તરફથી જરૂરી પ્રાથમિક વ્યવસ્થાઓ કરવામાં આવી છે, તેમ છતાં વિપરીત સંજોગોમાં જે કંઇ નિર્ણયો આયોજક તરફથી લેવાય તેમાં શોધયાત્રીઓએ સંપૂર્ણ સહયોગ આપવો પડશે. શોધયાત્રામાં ચાલતાં-ચાલતાં શીખવાની વૃત્તિ ધરાવતા જાગૃત ઉત્સાહી ખેડૂતો, કારીગરો, વિદ્યાર્થીઓ જોડાય તે અપેક્ષિત છે.

કોઇપણ પ્રકારનો માર્ગ અકસ્માત, હુમલો, કુદરતી આફત, માલસામાનની ચોરી વગેરે પરિસ્થિતિમાં આયોજક સંસ્થાની કોઇ જવાબદારી રહેશે નહીં. આ બાબતની જાણ જે-તે યાત્રીએ પોતાના પરિવારને કરવાની રહેશે.

૧૧. **શિસ્તઃ** દરેક શોધયાત્રીએ આયોજક તરફથી મળતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. શોધયાત્રા દરમિયાન તમાકુ પ્રોડક્ટ (બીડી, સીગરેટ, ગુટખા) કે શરાબ જેવા માદક પદાર્થો અને વ્યસનોનું સેવન પ્રતિબંધિત છે. શોધયાત્રા દરમિયાન માત્ર શાકાહારી ભોજન જ મળશે. શોધયાત્રી યાત્રા દરમિયાન સ્થાનિક ગ્રામજનો સાથે ધર્મ, રાજકારણ કે અન્ય વિવાદીત વિષયોની ચર્ચા નહીં કરે તે ઇચ્છનીય છે.

૧૨. **નિવાસઃ** શોધયાત્રા દરમિયાન સ્થાનિક વિસ્તારની ગ્રામીણ પ્રાથમિક શાળાઓમાં જ નિવાસની વ્યવસ્થા કરી છે. જ્યાં રાત્રિ રોકાણ કરવાનું છે. એ શક્ય છે કે અહીં વીજળી ન હોય, લાઇટ-પંખા ન હોય, ઓરડાને બારી-બારણા ન હોય અને ક્યારેક આપણી જાતે જ સફાઇ કરીને રોકાવુ પડે તેની તૈયારી આપણે સૌ રાખીશું. અહીં સંડાસ-બાથરૂમની કોઇ સુવિધા નથી. ઓછામાં ઓછી ભૌતિક જરૂરિયાતો સાથે પોતાની જાતને કેળવવા આપણે સૌ સાથે મળીને મથીશું. જ્યાં ઓરડા ઓછા હોય ત્યાં ભાઈઓ અને બહેનોએ એક જ ઓરડામાં નિવાસ કરવાની તૈયારી રાખવી પડશે અથવા બહેનો ઓરડામાં અને ભાઇઓએ ખુલ્લામાં અથવા ઓસરીમાં સુવાની તૈયારી રાખવી પડશે.

૧૩. **ગ્રામસભાઃ** ગામમાં ગ્રામજનો સાથેની મિટીંગ થાય ત્યારે દરેક શોધયાત્રીએ હાજર રહેવું જરૂરી છે. કોઇપણ ગામમાં પહેલા ગ્રામજનો સાથે મિટીંગ કરવામાં આવશે તે પછી જ સમૂહમાં ભોજન કરીશું. શોધયાત્રીઓએ સવારે કેટલા વાગે તૈયાર રહેવું તેની જાણ દરરોજ સાંજે આયોજક તરફથી જણાવવામાં આવશે.

૧૪. **સહપરિવાર યાત્રાઃ** શોધયાત્રામાં સહપરિવાર જોડાઈ શકે તેમનું સ્વાગત છે પણ હા, ચાલવાનું.

**સૃષ્ટિ**

AES બૉયઝ હોસ્ટેલ કેમ્પસમાં, યુનિવર્સિટી લાયબ્રેરી અને SBI બેંક નજીક,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોનઃ ૦૭૯-૨૭૯૧૩૨૯૩, ૨૭૯૧૨૭૯૨, **web: www.sristi.org, Email : shodhyatra@sristi.org**